# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

સપ્ટેંબર ૨૦23

વિદ્તીય વર્ષ અભ્યાસક્રમ-૪

ગુણાંક ૧૦૦

## પ્રશ્ન પત્ર

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) જવાબ પત્ર દરેક મહિનાની તા. ૫ થી તા. ૨૫ સુધીમાં મોકલાવાના રહેશે. આગળ-પાછળ આવેલા પેપર તપાસવામાં આવશે નહીં. (૬) બધા જવાબો અભ્યાસક્રમના આધારે જ લખવાના છે. (૭) જે મહિના ના પ્રશ્ન પત્ર છે તે પછી ના મહિના ની ૨૫ તા. સુધી તમારા ગુણાંક તેમજ સાચા ઉત્તર ઇન્ટરનેટ ઉપર આપવા માં આવશે એના પછી આવેલા ઉત્તરપત્ર સ્વીકારાશે નહીં. તેમજ એના માટે ફોન ઉપર જવાબ આપવા માં આવશે નહીં. (૮) ઉત્તર પત્ર માં આભ્યાસક્રમ નું નંબર લખવુ જરૂરી છે.

**પ્રશ્ન- ૧ ખાલી જગ્યા પુરો.** ૨૦

૧. યથાવસ્થિત જીવજીવાદી તત્વના શ્રદ્ધાનમાં મુંઝવે તે.................. કર્મ.
૨. ઐરાવત ક્ષેત્રની ત્રણ બાજુ.................. છે.
૩. સોનું રૂપું જવાહીર, વસ્ત્ર નાણા પ્રમુખ જે પરીક્ષાથી વેચાય તે....................કહેવાય.
૪. કેવળજ્ઞાનીને પ્રથમ.................. હોય.
૫. આ જ્યોતિર્મય શુદ્ધ આત્મા સત્યથી, તપથી તથા.................... થી જાણી શકાય છે.
૬. ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં સમાકિત મોહનીય નો ક્ષય જ્યારે અંતિમ ચરણમાં પહોચે છે ત્યારે એને ........... સમ્યક્ત્વ કહેવાય છે.
૭. કાચું રૂપું એટલે સિક્કા વિનાનું રૂપુ તે .................... જાણવું.
૮. .................... દિવસે વિચારેલું કામ રાત્રે કરાવે છે.
૯. કેવળજ્ઞાનના અગાધ સાગરમાંથી...................... ની ગંગા વહેતી થઇ.
૧૦. ...................... આ અપૌદ્ગલિક શુદ્ધ સમ્યક્ત્વ છે.
૧૧. પારકા વિવાહ જોડે તેને ...................... અતિચાર લાગે.
૧૨. ...................... કર્મથી આવરેલી વ્યક્તિ વસ્તુના સાચા સ્વરૂપને ન સમજે.
૧૩. પરમાત્માના કલ્યાણકોમાં તિર્યંચ, નારકો ને .................... હોય છે.
૧૪. જીનેશ્વર પરમાત્માના દર્શન એ...................... માં પ્રવેશવાનું દ્વાર છે.
૧૫. અવધિજ્ઞાનની પૂર્વે થતો રૂપી દ્રવ્ય વિષયી સામાન્ય બોધ તે .................. કહેવાય.
૧૬. શીલવ્રત ગૃહસ્થ માટે દેશથી.................. વ્રત જણાવવામાં આવ્યું છે.
૧૭. જીવને પ્રથમ......................સમ્યક્ત્વની જ પ્રાપ્તિ થાય છે.
૧૮. પ્રદક્ષિણ દેતા .................... ની પેઠે ચાર રૂપે શ્રી વીતરણને ધાવા.
૧૯. મોહનીય કર્મ .................... જેવુ છે.
૨૦. સર્વ વ્રતોનો રાજા.................... છે.

**પ્રશ્ન- ૨ એક શબ્દમાં જવાબ લખો -** ૧૫

૧. મૂંગા અને બહેરાપણું કયા કર્મના ઉદયથી આવે ?
૨. શ્રાવસ્તી નગરીના પૂર્વ રાજા કોણ હતા ?
૩. કર્મનો અંશથી ત્યાગ તે કયું તત્વ છે ?
૪. યુગલિયા આયુષ્ય પૂર્ણ કરી કયાં જાય ?
૫. કયું સમ્યક્ત્વ ચોથી થી સાતમાં ગુણસ્થાનકે છે ?
૬. લોકાલોકના સર્વ ભાવ વિષયક સામાન્યબોધને શું કહેવાય ?
૭. વધારે ઉંઘ કરવાથી કયું કર્મ બંધાય ?
૮. શ્રી વાયૂભૂતિએ કયા દિવસે દીક્ષા લીધી ?
૯. શીલવ્રત પાલન માટે કયા ભગવાનની આરાધના કરવી જોઇએ ?
૧૦. નારક અને તિર્યચમાં પ્રાય: કયું વેદનીય કર્મ જોવા મળે છે ?
૧૧. વિધવા અથવા કુમારિકા સ્ત્રી સાથે ગમન વિલાસ કરે તે કયું અતિચાર ?
૧૨. દેશસરના પ્રથમ પગથીયા ઉપર કયો પગ મુકીને ઉપર ચઢવું ?
૧૩. દર્શાણભદ્ર રાજાનું અભિમાન શું જોઇને ઉતરી ગયો ?
૧૪. પરંપરાએ મોક્ષનું સાધન કયું ?
૧૫. હિમવંત ક્ષેત્રનો આકાર કેવો છે ?

**પ્રશ્ન - ૩ નીચે આપેલા શબ્દો ના અર્થ લખો.** ૧૦

૧) મસિ ૨) મણુએ ૩) વિષયેષુ ૪) થિર ૫) સત ૬) બિનાય ૭) ધણુસયા ૮) શોકસ્ય ૯) ચકખુ ૧૦) વિહેહુ ૧૧) કોડિસયા ૧૨) અદ્ધ - વિશુદ્ધ ૧૩) છણવ્વઇ ૧૪) વકખારગિરી ૧૫) સોલસ ૧૬) પવર ૧૭) ભેઅં ૧૮) સુહ ૧૯) જીય ૨૦) વઇ

**પ્રશ્ન-૪ જોડકા જોડો ( ફક્ત બી ) નું નંબર લખો.** ૧૦

| એ | બી | એ | બી |
|---|---|---|---|
| ૧) રાજ્ય વ્યવસ્થા | ૧) કાંસુ | ૬) કુવિય | ૬) પર્યુષણ પર્વ |
| ૨) અસદ્ધ્યાન નું ક્રીડાવન | ૨) સોપારી | ૭) હસ્તિનાપુર | ૭) કર્મભૂમી |
| ૩) પર્વાધિરાજ | ૩) ક્ષેત્ર | ૮) ખિત | ૮) મોહનીય કર્મ |
| ૪) કર્માધિરાજ | ૪) કુરૂદેશ | ૯) કમળ | ૯) અકર્મભૂમી |
| ૫) ગણિમ | ૫) કર્ણિકા | ૧૦) યુગલિક ક્ષેત્ર | ૧૦) પરીગ્રહ |

**પ્રશ્ન-૫ નીચે ના પ્રશ્નોના જવાબ સંખ્યામાં લખો.** ૧૦

૧. કેટલા અંગુલનો એક ધનુષ ?
૨. પરમાત્માના દર્શન કરતાં કેટલા ઉપવાસનો લાભ થાય છે ?
૩. શ્રી શાંતિનાથ ભગવાન કેટલા ાકરોડ ગામોના સ્વામી હતા ?
૪. શ્રી વાયુભતિ નો કેવળી પર્યાય કેટલો હતો ?
૫. સંવરતત્વ ના કેટલા ભેદ ?
૬. ધન પરિગ્રહ કેટલા પ્રકારે છે ?
૭. જંબુદ્વીપમાં કેટલા વૈતાઢ્ય પર્વત છે ?
૮. મોહનીય કર્મના કટેલા પ્રકાર છે ?
૯. ક્ષાયોપશમિક સમ્યક્ત્વ નો ઉત્કૃષ્ટ કાળ કેટલા સાધિક સાગરોપમ નો હોય છે ?
૧૦. મહાવિદેહ ક્ષેત્રની પૂર્વ-પશ્ચિમ લંબાઇ કેટલી છે ?

**પ્રશ્ન – ૬ નીચે ના વાક્યો સાચા ( ✓ ) છે ખોટા ( × ) તે જણાવો** ૧૦

૧. પુણ્યતત્વ ૧૨ ભેદવાળું છે.
૨. શ્રી શાંતિનાથ ભગવાન ૬૪૦૦૦ સુંદર યુવતીઓના પતિ હતા.
૩. મિથ્યાત્વ મોહનીય શુદ્ધ હોય છે.
૪. જિન મંદિર જવા પગલું ભરે ત્યાં એક ઉપવાસ નો લાભ થાય છે.
૫. ચાલતા ચાલતા ઉંઘે તે પ્રચલા-પ્રચલા કહેવાય.
૬. મહાવિદેહ ના દક્ષિણમાં ઐરાવત ક્ષેત્ર છે.
૭. ચામર નૃત્ય ભાવપૂજા કરતાં અનંતગણુ પુણ્ય પ્રાપ્ત થાય છે.
૮. નવગ્રહોથી અનેક ગણિ તાકત પરિગ્રહ માં છે.
૯. વાયુભૂતિ અગ્નિભૂતિ થી ૮ વર્ષ નાના હતા.
૧૦. મવીય ધન તે ગોળ, ઘી, કરિયાણા પ્રમુખ જે તોલીને વેચાય તે જાણવા.

**પ્રશ્ન – ૭ નીચેનું વાક્ય કયા પાના પર છે તે પાના નંબર જણાવો.** ૧૦

૧. આપણે વિજય શેઠ અને વિજયા શેઠાણીના સંતાન છીયે.
૨. આ સંસારમાં કોઇ કોઇનું નથી.
૩. જીવ એજ શરીર છે કે શરીર એજ જીવ છે.
૪. સંચય કરેલી સર્વ વસ્તુ અહીંની અહીંજ રહી જાય છે.
૫. જીનેશ્વર પરમાત્મા નો અનુયાયી હોય તેજ જૈન કહેવાય.
૬. ખરેખર આ અસાર સંસારમાં જે કષાયો છે તે તેજ આત્માને દુખદાયી છે.
૭. જૈન વિજ્ઞાન અપૂર્વ – અદ્દ્ભૂત જ્ઞાનનો ખજાનો છે.
૮. દેવલોકમાં પણ ઇર્ષ્યા આદિના કારણે દુઃખ છે.
૯. ક્ષેત્રના નામ અને અધિષ્ઠાયક દેવનું નામ સમાન છે.
૧૦. તમે તમારી પ્રતિજ્ઞા સિદ્ધ જ કરી.

**પ્રશ્ન – ૮ તમારી ભાષા માં સમજાવો** ૧૫

૧. જંબુદ્વીપનાં વાસ ક્ષેત્રો — ૨. પાંચ નિદ્રા
૨. પરિગ્રહ પરિમાણ વ્રત — ૪. ઔપશમિક સમ્યક્ત્વ
૫. સૌધર્મેન્દ્રે દૈવિક ઋદ્ધિની કરેલી રચના.

**જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**
શત્રુંજય એકેડમી, શ્રી પદ્મપ્રભસ્વામી જૈન મંદિર, સ્ટેશન રોડ, ચાળીસગામ – ૪૨૪ ૧૦૧.
જી. જળગામ. મો. ૯૦૨૮૨૪૨૪૮૪
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઇટ www.shatrunjayacademy.com